2012 ONTARIO BUDGET

Ontario

NEWS RELEASE

MINISTRY of FINANCE

# ઓન્ટારિયો માટે મજબૂત કાર્યવાહી

*અંદાજપત્રનું સંતુલન, નોકરીઓનું નિર્માણ, શિક્ષણનું રક્ષણ અને આરોગ્ય સંભાળ કરવા માટેની એક યોજના*

**સમાચાર** માર્ચ ૨૭, ૨૦૧૨

ઓન્ટારિયોના ૨૦૧૨ ના અંદાજપત્રમાં ખાધ દૂર કરવા માટેની એક યોજનાનો સમાવેશ કરાયેલ છે, જે આગામી ત્રણ વર્ષમાં કાર્યક્રમોમાં થનાર ખર્ચ ઘટાડશે અને પડતર કિંમતોને ૧૭.૭ બિલીયન ડોલરથી વધુ ફેલાવા દેવાથી અટકાવશે, અને સાથે સાથે કરવેરા વધાર્યા વિના રાજ્યની આવકમાં ૪.૪ બિલીયન ડોલરનો વધારો કરશે.

એક ગંભીર સમય માટેની આ ગંભીર કાર્યવાહી છે અને એ ૨૦૧૭–૧૮ સુધીમાં ઓન્ટારિયોને ખાધ દૂર કરવા માટેના માર્ગ પર લાવી દેશે.

ઓન્ટારિયો સરકાર દ્વારા ખર્ચાયેલ દરેક ડોલરમાંથી ૫૦ સેન્ટ્સથી પણ વધારે રકમ શિક્ષકો, ડોક્ટરો અને બૃહદ જાહેર વિભાગોની અન્ય વ્યક્તિઓને વળતર આપવામાં વપરાય છે. રાજ્ય જે ગંભીર રાજવિત્તીય પડકારોનો સામનો કરી રહ્યું છે એ જોતાં, જો સરકારે રાજવિત્તીય લક્ષ્યાંકો સુધી પહોંચવું હોય અને ગત આઠ વર્ષમાં શિક્ષણ અને આરોગ્ય સંભાળમાં મેળવેલ નફાનું રક્ષણ કરવું હોય, તો વળતર આપવામાં થનાર ખર્ચનું નિયંત્રણ થવું જરૂરી છે.

સામૂહિક સોદાબાજીની પ્રક્રિયાનો આદર કરવામાં આવશે. જ્યાં અંદાજપત્ર સંતુલિત કરવા અને અગ્રેસરતા ધરાવતી સેવાઓના રક્ષણ કરવા માટેની યોજના સાથે સુસંગત સમજૂતી માટે વાટાઘાટ નહીં થઇ શકે એમ હશે, ત્યારે સરકાર આવશ્યક વહીવટી અને કાયદાકીય પગલાં સૂચવવા તૈયાર છે.

જાહેર વિભાગના પેન્શનો કરદાતાઓને વધુ પરવડી શકે અને પેન્શન યોજનાના સભ્યોને માટે ટકી શકે એવા બનાવવા માટે, આનાથી અસર પામનાર લાગતી વળગતી વ્યક્તિઓ સાથે સલાહ–મસલત કર્યા બાદ, સરકાર કેટલાંક પગલાં દાખલ કરવાનો ઇરાદો ધરાવે છે. ઉદાહરણ તરીકે, જે કિસ્સાઓમાં પેન્શનો ખાધમાં હોય ત્યાં, નોકરીદાતાઓ અથવા સરકાર તરફથી વધારાના પેન્શનો ફાળવવાની માંગ કરવા પહેલા, જાહેર વિભાગના ઘણા કર્મચારીઓને ભવિષ્યના લાભો ઓછા કરવાનું કહેવામાં આવશે. હાલમાં નિવૃત્ત થઇ ચૂકેલાઓ પર આની કોઇ અસર નહીં પડે.

૨૦૧૭–૧૮ સુધીમાં અંદાજપત્ર સંતુલિત કરવા માટે ૨૦૧૨ નું અંદાજપત્ર નીચે મુજબની મજબૂત કાર્યવાહી કરવાની દરખાસ્ત કરે છે:

- આગામી ત્રણ વર્ષમાં ૪.૯ બિલીયન ડોલરની બચત કરવાનો અમલ
- જ્યાં સુધી અંદાજપત્ર સંતુલિત ન થાય ત્યાં સુધી સામાન્ય કોર્પોરેટ ઇન્કમ ટેક્સ દર અને બિઝનેસ એજ્યુકેશન ટેક્સ દરમાં ઘટાડા સ્થગિત કરી દેવા
- ઓન્ટારિયો ક્લીન એનરજી બેનિફીટ માટે દર મહિને વધુમાં વધુ 3,000 કિલોવોટ્સ
- ઓન્ટારિયો ડ્રગ બેનિફિટ પ્રોગ્રામમાં ફેરફાર કરવો જેથી કરીને – ઉચ્ચતમ આવક ધરાવતા ઓન્ટારિયોના લગભગ ૫ ટકા વયોવૃધ્ધો – તેમની પ્રિસ્ક્રીપ્શન દવાઓની કિંમતનો વધારે મોટો ભાગ ચૂકવે

…/2

- કાર્યક્રમો અને સેવાઓ પૂરી પાડવામાં જે ખર્ચ થાય એમાંનો મોટા ભાગનો એ વાપરનારાઓ પાસેથી ઓન્ટારિયો યુઝર ફી તરીકે પાછો મેળવી લેવાય એની ખાતરી કરી લેવી
- એમપીપીઓની પગાર સ્થગિતતા હજી બે વર્ષ – કુલ પાંચ વર્ષ – માટે લંબાવવી
- ઇસ્પિતાલો, કોલેજો, યુનિવર્સિટીઓ, સ્કૂલ બોડ્ર્ઝ અને એજન્સીઓના અધિકારીઓની પગાર સ્થગિતતા હજી બે વર્ષ – કુલ ચાર વર્ષ – માટે લંબાવવી

૨૦૧૧–૧૨ માં ૧૫.૩ બિલીયન ડોલરની ખાધ અંદાજવામાં આવેલ છે – જે એક વર્ષ પહેલા કરવામાં આવેલ અનુમાન કરતાં ૧ બિલીયન ડોલર ઓછી છે, અને સુધારો થતાં, ૨૦૦૯ ની પાનખરની ઋતુમાં કરવામાં આવેલ ૨૦૦૯–૧૦ ના અનુમાન કરતાં ૩૮ ટકા કરતાં પણ વધુ ઓછી છે. ૨૦૧૨ ના અંદાજપત્રમાં જાહેર કરવામાં આવેલ પગલાં લીધા વિના ઓન્ટારિયોની ખાધ ૨૦૧૪–૧૫ સુધીમાં ૨૫ બિલીયન ડોલર સુધી પહોંચી જશે. એના બદલે, એ જ રાજવિત્તીય વર્ષમાં, એને ૧૦.૭ બિલીયન ડોલરની અંદાજવામાં આવેલ છે.

અર્થવ્યવસ્થાને હજી વધારે મજબૂત કરવા અને નોકરીઓના નિર્માણને પ્રોત્સાહિત કરવા પર સરકાર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ જ રાખશે.

## નોકરીઓ અને સમૃધ્ધિ

એક મજબૂત અને વૈવિધ્યસભર ઓન્ટારિયો જે ઉદ્યોગોને, નાવીન્યકરણમાં રોકાણ કરવા, ઉત્પાદકતામાં વધારો કરવા અને વૈશ્વિક ધોરણે વધુ સ્પર્ધાત્મક બનાવવા સમર્થ કરે, એ માટે સરકાર નીચે મુજબ કરશે:

- ઉદ્યોગોને ટેકો આપનારા અનેક કાર્યક્રમોને એકત્ર કરીને એક જોબ્ઝ એન્ડ પ્રોસ્પેરિટી ફન્ડનું સર્જન કરવું જે ઉત્પાદનશક્તિના વિકાસ અને નોકરીઓનાં નિર્માણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરતું હોય, જેનાથી ૨૦૧૪–૧૫ માં ૨૫૦ મિલીયન ડોલરની એકંદર બચત નિપજશે.
- વિવિધ લાગતી વળગતી વ્યક્તિઓની બનેલી એક જોબ્ઝ એન્ડ પ્રોસ્પેરિટી કાઉન્સિલની સ્થાપના કરવી જે ઓન્ટારિયોની ઉત્પાદકતામાં વધારો કરવાની યોજના બનાવવા માટે સરકારને સલાહ–સૂચન આપે, અને ઓન્ટારિયોની ઉત્પાદકતા અને નાવીન્યકરણ માટે સંશોધન કરવાની કાર્યસૂચિનું નેતૃત્વ કરે
- સુસંગત પ્રધાનમંડળની વિનિમય વેપારને આગળ ધપાવનારી પ્રવૃત્તિઓને કાર્યક્ષમ બનાવીને નવી ઊભરતી અર્થવ્યવસ્થાઓમાં ઓન્ટારિયોથી થતી નિકાસમાં વૈવિધ્ય લાવવું

## જ્ઞાન અને કૌશલ્ય

જ્ઞાન પર આધારિત અર્થવ્યવસ્થામાં સમૃધ્ધ ભવિષ્યની ખાતરી રાખવા માટે, વિશ્વના શ્રેષ્ઠ ભણતર ધરાવતા કર્મચારીઓ મેળવવા માટે સરકાર એની યોજના પ્રમાણે કામ કરવાનું નીચે મુજબ ચાલુ રાખે છે:

- સપ્ટેમ્બર ૨૦૧૪ સુધીમાં આખા દિવસના બાળમંદિરનું સંપૂર્ણપણે અમલીકરણ કરાશે
- નીચલા ધોરણના વર્ગોમાં બાળકોની સંખ્યા ઓછી રાખવાનું ટકાવી રાખવું
- ઓન્ટારિયોના હકદાર ફુલ–ટાઇમ અંડરગ્રેજ્યુએટ યુનિવર્સિટી અને કોલેજના વિદ્યાર્થીઓને ઓન્ટારિયો ટ્યુશન અનુદાનમાં ૩૦ ટકાની છૂટ આપવા માટે કટિબધ્ધ રહેવું
- તાલીમના કાર્યક્રમો આજની નોકરીઓની જરૂરિયાતો મુજબના હોય એ પ્રકારનું સમગ્ર સરકારમાં સંયોજન કરવું

### આરોગ્ય સંભાળનું રૂપાંતર

સરકાર ઓન્ટારિયો એક્શન પ્લાન ફોર હેલ્થ કેર પર આધારિત એક ટકાઉ અને ઉચ્ચ ગુણવત્તા ધરાવતી આરોગ્ય સંભાળ યોજના બનાવવા નીચે મુજબ કરશે:

- આગામી ત્રણ વર્ષમાં ખર્ચાના વધારાના દરને દર વર્ષે સરેરાશ ૨.૧ ટકા જેટલો ઘટાડવા માટે આરોગ્ય સંભાળનું રૂપાંતર કરશે
- જ્યાં યોગ્ય હશે ત્યાં ઇસ્પિતાલોની બદલે દરદીઓને સારવાર આપવા માટે  સમુદાય–આધારિત સંભાળ, જેમ કે નફા–રહિત ક્લિનીક અને ઘરમાં અપાતી વૈકલ્પિક સારવાર, વધારવામાં આવશે
- સંભાળના મૂલ્ય અને ગુણવત્તા વધારવા માટે દરદી–કેન્દ્રિત નાણાંભંડોળના નમૂનાઓ તરફ જવામાં આવશે

## અવતરણો

"ઓન્ટારિયોના પરિવારોને તેમના કરના ડોલરની ઉચ્ચતમ કિંમત અને શક્ય હોય એટલી ઉચ્ચતમ સેવાઓ મળે એની ખાતરી રાખવા માટે આપણે સાચી પસંદગીઓ કરી રહ્યા છીએ. અંદાજપત્ર સંતુલિત  કરવામાં આપણે સૌએ ભાગ ભજવવાનો છે."
– ડ્વાઇટ ડન્કન, નાણાંમંત્રી

"એક વધુ મજબૂત ઓન્ટારિયો બનાવવા માટે મજબૂત કાયર્વાહીની જરૂર છે. આપણે સૌએ સાથે મળીને જે આવશ્યક નફો મેળવ્યો છે એનું રક્ષણ કરવા માટે આપણે સાચી પસંદગીઓ કરીશું. જ્યારે આપણે આ પસંદગીઓ કરીશું, ત્યારે આપણે શિક્ષણ અને આરોગ્ય સંભાળનું રક્ષણ કરીશું – હર એક વખતે."
– ડ્વાઇટ ડન્કન, નાણાંમંત્રી

## સંક્ષિપ્ત હકિકતો

- ૨૦૧૨ ના અંદાજપત્રમાં જે પગલાં લેવાની દરખાસ્ત કરવામાં આવી છે એના પરિણામે, એ પગલાં લીધા વિના ૨૦૧૪–૧૫ માં ઓન્ટારિયોની જે સંચિત ખાધ હોત એના કરતાં, ૨૨.૧ બિલીયન ડોલર ઓછી થઇ જશે.
- ૨૦૧૨ ના અંદાજપત્ર માં વર્ણવેલ પ્રાંતની નવી આવકના દરેક ડોલર દીઠ ચાર ડોલરની બચત થશે અને પડતર કિંમતને વધુ ફેલાવા દેવાને અટકાવવાના પગલાં લેવાશે.
- આગામી ત્રણ વર્ષમાં, જો એ ન કરવામાં આવ્યું હોત તો જે ખર્ચ હોત,  એ કાર્યક્રમોમાં થનાર સંચિત ખર્ચ ઘટાડીને ૧૭.૭ બિલીયન ડોલર જેટલો કરવા માટે નીચે મુજબના પગલાં લેવાયા છે:
  - અતિવ્યાપ્તિ અને દ્વિગુણનને દૂર કરીને, વિતરણના વધુ કાર્યક્ષમ નમૂનાનો અમલ કરીને અને મુખ્ય કાર્યક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરીને ૪.૯ બિલીયન ડોલરની આયોજીત બચત
  - સ્કૂલ બોડ્ર્ઝ માટેના વળતર, ડોક્ટરો અને જાહેર કમર્ચારીઓને થનારી ચૂકવણીઓ પર અંકુશ મૂકવાની સરકારની કાર્યવાહીઓમાં ૬ બિલીયન ડોલર
  - બૃહદ જાહેર વિભાગોમાં પડતર કિંમતને વધુ ફેલાવા દેતી અટકાવીને ૬.૮ બિલીયન ડોલર
- ઓન્ટારિયોની અર્થવ્યવસ્થાનો ૨૦૧૨ માં ૧.૭ ટકા, ૨૦૧૩ માં ૨.૨ ટકા અને ૨૦૧૪ માં ૨.૪ ટકા વિકાસ થવાની ધારણા છે.
- ૨૦૧૧ માં, ઓન્ટારિયોમાં ૧૨૧,૦૦૦ થી પણ વધુ નોકરીઓનું નિર્માણ કરવામાં આવ્યું હતું – જેની સાથે જ  ૧૨૩,૪૦૦ ફુલ–ટાઇમ નોકરીઓનો વધારો થયો હતો.
- ઓન્ટારિયોના દેવાની મરામત કરતા રહેવાનો ખર્ચ લગભગ ૧૦ બિલીયન ડોલરનો છે, આરોગ્ય સંભાળ અને શિક્ષણ પછીનો આ સૌથી મોટો ત્રીજો વાર્ષિક ખર્ચ છે. સાપેક્ષ રીતે જોતાં, દર વર્ષે ઓન્ટારિયો કોલેજો અને યુનિવર્સિટીઓ કરતાં વધુ નાણાં વ્યાજમાં ખર્ચે છે.
- વ્યાજના દરમાં થનાર હર એક ટકાના વધારા દીઠ, વધારાના પહેલા વર્ષમાં, દેવાની મરામત કરતા રહેવાના ખર્ચમાં ૪૬૭ મિલીયન ડોલરનો વધારો થાય છે. જો અંદાજપત્ર સંતુલિત કરવા માટે કોઇ કાર્યવાહી નહીં કરવામાં આવે તો, ઓન્ટારિયો આજે જેટલાં નાણાં શિક્ષણમાં ખરચે છે એટલાં જ ૨૦૧૭–૧૮ માં દેવાની મરામત કરતા રહેવા માટે ખરચશે.

- ફેબ્રુઆરી ૨૦૧૨ માં, કોન્ફરન્સ બોર્ડ ઓફ કેનેડાએ સૂચન કર્યું હતું કે ખર્ચામાં થતા રહેતા વધારાને અંકુશમાં લેવા માટે જો કોઇ કાર્યવાહી કરવામાં આવશે નહીં તો, ૨૦૧૭–૧૮ સુધીમાં ઓન્ટારિયોની જે સંચિત ખાધ ૧૬ બિલીયન ડોલર થઇ શકે છે. આ જ પ્રકારની માન્યતાઓ સ્વીકારીને રિફોર્મ ઓફ ઓન્ટારિયોંઝ પબ્લિક સર્વિસીઝના કમિશ્નરે અનુમાન કર્યું હતું કે આ ખાધ ૩૦ બિલીયન ડોલર જેટલી થઇ શકે છે.
- ૨૦૧૧–૧૨ માં ઓન્ટારિયોનો કાર્યક્રમો માટેનો માથા દીઠ ખર્ચ ૮,૫૬૦ ડોલર ધારવામાં આવે છે. અન્ય પ્રાંતોની સરખામણીમાં આ સૌથી ઓછો છે અને અન્ય નવ પ્રાંતોની સરકારોના સરેરાશ ખર્ચ કરતાં ૧૧ ટકા ઓછો છે.
- માથા દીઠ ઓછામાં ઓછા પ્રાંતિય જાહેર કમર્ચારીઓની સંખ્યા સાથે ઓન્ટારિયો સરકારી સેવાઓ પૂરી પાડે છે.

## વધુ જાણો

ઓન્ટારિયોનું ૨૦૧૨નું અંદાજપત્ર વાંચો

ઓન્ટારિયો દ્વારા ખર્ચાના નિયંત્રણ માટે લેવાતા પગલાં વિશે વધુ જાણો.

ઓન્ટારિયોના ૨૦૧૨ના અંદાજપત્રની પૃષ્ઠભૂમિકા આપતી માહિતી વાંચો:
- ઓન્ટારિયોની અર્થવ્યવસ્થા પર એક નજર અને રાજવિત્તીય યોજના
- જાહેર વિભાગોના વળતર
- અંદાજપત્રનું સંતુલન
- એક યોગ્ય અને કાર્યક્ષમ ઔષધ વ્યવસ્થા

ઓન્ટારિયોના ૨૦૧૨ના અંદાજપત્રની મુખ્ય કલમો વાંચો.



---

**માત્ર વિજ્ઞાપન માધ્યમોની પૂછપરછ માટે:**
એલી વિતુનસ્કી, પ્રધાનનું કાર્યાલય, ૪૧૬–૩૨૫–૯૮૧૯
સ્કોટ બ્લોજેટ, નાણાં મંત્રાલય, ૪૧૬–૩૨૫–૦૩૨૪

**જાહેર જનતાની પૂછપરછ માટે:**
૧–૮૦૦–૩૩૭–૭૨૨૨
ટીટીવાય: ૧–૮૦૦–૨૬૩–૭૭૭૬

**ontario.ca/finance-news**
*GUJARATI*